# આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- આરતી ભટ્ટ

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૪-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## લોકસભા ચુંટણી-બીજો તબક્કો

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે પ્રચારનો છેલ્લો દિવસ છે. આ પૂર્વે તમામ પક્ષોએ વિવિધ રાજ્યોમાં સભાઓ સંબોધી હતી. 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ મળીને 89 બેઠકો માટે આ શુક્રવારે મતદાન થવા જઈ રહ્યું છે.

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------------------

## ચુંટણી અધિકારી-પી.ભારતી

રાજયમાં આગામી ચૂંટણીઓમાં આશરે પાંચ કરોડ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં 12 લાખ કરતા વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

ગઈકાલે ગાંધીનગરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે, બીએલઓ દ્વારા મતદાન માહીતી સ્લીપ લોકોના ઘરે પહોંચાડવાનું કામ શરૂ થઇ ગયું છે. 22 હજાર 700 કરતાં વધુ મતદારોએ ઘરેથી મતદાન માટેની અરજી કરી છે. અમદાવાદની પૂર્વ બેઠકના 1 હજાર 820 મતદાન મથકોમાં બે બેલેટ યુનિટનો ઉપયોગ કરવામાં આવશે.

28 એપ્રિલ રવિવારના રોજ સમગ્ર રાજયમાં 49,140 મતદાન મથકો ખાતેનો યુથ પોલિંગ સ્ટેશન અભિયાન હાથ ધરાશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મતદાનની ટકાવારી વધારવા માટે રાજયભરમાં પખવાડીક સઘન મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એપિક કાર્ડ ન હોય તો ઇ-એપિકની પ્રિન્ટ પણ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણાશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## મતદાર જાગૃતી-કચ્છ

લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત મતદાન જાગૃતિ વધે તે માટે તંત્ર દ્વારા તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

તો કચ્છ જિલ્લામાં મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતું કરાયું છે. ઠેર ઠેર ચુનવી પાઠશાળા યોજાઇ રહી છે તો ચુંટણી પાંચ દ્વારા લોન્ચ કરવામાં આવેલી મોબાઈલ એપ્લિકેશન વિષે નાગરિકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## નાગરિક ઉડયન મંત્રાલય-પરિપત્ર

નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયે વિવિધ વિમાનસેવામાં 12 વર્ષ સુધીના બાળકોને તેમના માતા-પિતા અને વાલીઓ સાથે બેઠકો ફાળવવાનું સુનિશ્ચિત કરવા કહ્યું છે.

ડીજીસીએના નિવેદન મુજબ, 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકો વિમાનમાં તેમના માતાપિતા કે વાલી સાથે બેઠા ન હોવાના કિસ્સા તેના ધ્યાનમાં આવ્યા હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે, હાલના હવાઈ પરિવહન પરિપત્રમાં યોગ્ય રીતે ફેરફાર કરવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## ક્રિકેટ

લખનૌ સુપર જાયન્ટ ટીમે ભારે રસાકસી ભરી મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સને 6 વિકેટે હાર આપી હતી.ચેન્નઇ ખાતે રમાયેલ આઇ.પી.એલની મેચમાં ચેન્નઇ ટીમે 4 વિકેટ ના ભોગે 210 રન કર્યા હતા. જવાબમાં લખનૌ ટીમે 4 વિકેટના ભોગે 213 રન કરી છેલ્લા બોલે મેચ જીતી લીધી હતી. બન્ને ટીમના ઋતુરાજ ગાયક વાડ અને સ્ટોય નીશે સદી નોંધાવી હતી

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## લોકસભા ચુંટણી-જિલ્લા(MCMC)

લોકસભાની સામાન્ય ચુંટણી 2024 સંદર્ભે જિલ્લા કક્ષાની મિડિયા સર્ટીફીકેટ એન્ડ મીડિયા મોનિટરીંગ કમિટી એમ.સી.એમ.સી અંતર્ગત જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત કંન્ટ્રોલરૂમની પોલીસ ઓબ્ઝર્વર સુનીલકુમાર મીના ઉપરાંત અન્ય સહ અધિકારીઓએ મુલાકાત લીધી હતી. તેમજ એમ.એમ.સી કંન્ટ્રોલરૂમ ખાતે ટીવી ચેનલોનું રાઉન્ડ ધ કલોક મોનિટરીંગ તેમજ દૈનિક ચુંટણીલક્ષી મીડીયા અહેવાલ વગેરે બાબતોની જાત મેળવી

**(NP/આરતી ભટ્ટ)**

---

## મતદાન

રાજયમાં આગામી ચૂંટણીઓમાં આશરે પાંચ કરોડ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં 12 લાખ કરતા વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

**(RNU અમદાવાદ)**

---

# પોલીસ ઓબ્ઝર્વર-લોકસભાની ચુંટણી

લોકસભાની સામાન્ય ચુંટણી 2024 સંદર્ભે જિલ્લા કક્ષા મિડિયા સર્ટીફીકેટ એન્ડ મીડિયા મોનિટરીંગ કમિટી એમ.સી.એમ.સી અંતર્ગત જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત કંન્ટ્રોલરૂમની મુલાકાત લેવામાં આવી હતી.

**(NP/આરતી ભદ્ર)**

---------------------------------------------------------------------------